કોઈના પણ જીવનની કિતાબમાં એક પાનું અપરાધી વડે કાળું લખાઈ જાય, તો એ પછી એ માણસ ગમે તેટલાં સોનેરી પાનાં લખવાની કોશિશ કરે છતાં એ પાના પર કાળાશ જ ફરી વળતી હોય છે. જયગઢ માઇન્સના ખાણિયા હરિસિંગ ચૌહાણનું પણ આવું કાળું પાનું હતું, પરિણામે...

**હિસ્ટરી શીટર એટલે અપરાધનો ઇતિહાસ ધરાવતો માણસ! મેલી મથરાવટીનો માણસ! અને એવા માણસને વગર વાંકે કુટાઈ મરવાના ચાન્સ ખૂબ રહે છે**

# માણસના ઈતિહાસમાં એક વાર એક કાળું પાનું લખાઈ જાય...

**રહસ્ય ચક્ર**

★ યશવંત મહેતા

## કાળું પાનું-1

ધારું છું કે પોલીસવાળાઓને અને હિસ્ટરીને યાને ઈતિહાસને ખાસ નાતો નહીં હોય. હિસ્ટરીનું શીટ યાને પાનું યાને પૃષ્ઠ અગર ઊડતું ઊડતું પોલીસવાળાની આંખે ચડી જાય તો કોઈ વિદ્યાર્થીના પુસ્તકનું પાનું ગણી અવગણી કાઢે.

પણ 'હિસ્ટરી શીટર'નો પોલીસ ખાતા સાથે ગાઢ સંબંધ છે. હિસ્ટરી શીટર એટલે અપરાધનો ઈતિહાસ ધરાવતો માણસ! મેલી મથરાવટીનો માણસ! અને એવા માણસને વગર વાંકે કુટાઈ મરવાના ચાન્સ ખૂબ રહે છે. એનો દાગદાર ઈતિહાસ, એનો ભૂતકાળ એના ભવિષ્યમાં ભડકો કર્યા કરે છે. હિસ્ટરી શીટ એટલે કાળું પાનું.

જો કે આવા કાળા પાનાવાળો દરેક જણ 'હવે સુધરી ગયો છું?' એવો દાવો કરે છે. ક્યારેક એ દાવો સાચો હોય છે, ઘણોખરો ખોટો હોય છે. મોકો આવ્યે આવા દાવાની ખરાઈ અજય વર્મા જેવા માણસ-પારખુ કરી શકતા હોય છે. અલબત્ત એનેય ઘણીવાર શંકા પડતી હોય છે કે મારું પારખું કદાચ સાચું ન પણ હોય.

જયગઢ માઈન્સના કિસ્સામાં એવું જ બન્યું ને!


વાત ગયા એપ્રિલની છે. જયગઢની છે. પૂર્વ ગુજરાતમાં દાહોદની પાસે પાવાગઢની ટેકરીઓ વચ્ચે આવેલું જયગઢની વિશેષતા છે એની મેંગેનીઝની ખાણો. પણ આ એક જ ક્ષેત્રમાં પાંચેક હજાર મજૂરો અને હજારેક અન્ય કર્મચારી પણ રોજગારી પામે છે. ખાણોની આસપાસ જ આ સૌનાં ઘર છે. જયગઢની બધી જ ખાણો એક જ કંપની જયગઢ માઈન્સ લિમિટેડની માલિકીની છે. એટલે એ કંપની ધારે તે કરી શકે છે. સારું કે ખરાબ! જો કે ત્રણ ત્રણ પાળીમાં કામગીરી ચલાવતી કંપનીને નફો રળવાથી વધારે ખરાબ કશું કરવાની ફુરસદ નથી.

પણ આ તો સંસ્થાની વાત થઈ. સારી સંસ્થામાંય નબળી વ્યક્તિઓ હોઈ શકે ને!

ખેર, જયગઢનું જીવન અને કાર્ય નિરાંતે ચાલતું હતું ત્યાં જ એક વહેલી સવારે, કોઈકે જયગઢને મૂર્ખ બનાવવા ધાર્યું હોય એમ કંપનીની વડી કચેરીને મથાળે મૂકવામાં આવેલી સાયરન બજી ઊઠી. એની ચીસ સાંભળતાં જ જયગઢ આખું બેબાકળું બની ઊઠ્યું. જે ખાણિયાઓ ત્રીજી પાળીમાં કામ કરતા એમના પરિવારજનોનાં તો હૈયાં કૂદાકૂદ કરવા લાગ્યાં. ખાણોના ગામમાં સાયરન બજે એનો અર્થ દિલધડક હોય છે. એનો પ્રથમ અર્થ ખાણની અંદરના કશાક અકસ્માતનો હોય છે, અને ખાણના અકસ્માત ઘણી વાર મહાવિનાશક હોય છે.

પણ કચેરી સામે દોડી આવેલાઓને એક વાતે નિરાંત થઈ. ખાણનો તો કશો અકસ્માત થયો ન હતો. ઘડીના છઠ્ઠા ભાગમાં તો કાનોકાન વાત વહી કે કંપનીની મોટી તિજોરી જ્યાં રહે છે તે સ્ટ્રોંગ રૂમમાં તિજોરી તૂટી છે. આજે પહેલી તારીખે પગાર કરવા માટે ગઈ કાલથી લાવી રાખવામાં આવેલી આશરે એક કરોડની કેશ લૂંટાઈ ગઈ છે!

કંપનીના જનરલ મેનેજર ફાલ્ગુન બેરા સાયરન સાંભળીને દોડી આવ્યા અને એમણે તરત જ પરિસ્થિતિ સંભાળી લીધી. લોકો અમસ્તાં નથી કહેતાં કે ગઈકાલના આઈ.સી.એસ. કરતાં આજનો એમ.બી.એ. વધારે કાબેલ છે. એમણે તરત જ રાતના ચોકીદાર સોમા મનજીની શોધ કરાવી. એ પાછળના બાગની એક બેન્ચ પર હજુય ઘોરતો પડ્યો હતો. દેખીતું જ એણે નશો કર્યો હતો. સ્ટ્રોંગ રૂમના દરવાજામાં ઈલેક્ટ્રિક કરન્ટની જોગવાઈ તો હતી. પરંતુ કોઈકે હોંશિયારીપૂર્વક એ નિષ્ક્રિય બનાવી દીધી હતી.



કંપનીનો ચીફ અકાઉન્ટન્ટ રસિક નાણાવટી પણ સાયરન સાંભળીને દોડી આવ્યો હતો. એણે જ્યારે તિજોરીની હાલત જોઈ ત્યારે એ બાઘો જ બની ગયો. ફાલ્ગુને એની સામે નજર ફેંકી ત્યારે એ નીચું જોઈને ફર્શ ખોતરવા લાગ્યો. જાણે આંકડા લખતો અને ભૂંસતો હોય! એણે માત્ર એટલું કહ્યું કે મેં તો તમે આવ્યા ત્યારથી જ કહ્યું હતું કે આપણી સુરક્ષા વ્યવસ્થા જુનવાણી બની ગઈ છે. નવાં સાધનો વસાવવાની જરૂર છે...

---

બરાબર આ સમયે પાવાગઢ વિસ્તારમાં પ્રવેશવાને એક નાકે એક પોલીસ અફસર એક મોટર ગાડીને થોભાવીને એના ડ્રાઈવર સામે હાથ લંબાવી રહ્યો હતો. ડ્રાઈવરને નવાઈ લાગતી હતી. આજે અહીં ચેકિંગ શા કારણે હશે?

ખેર, એણે ગજવામાંથી પાકિટમાંથી ડ્રાઈવિંગ લાઈસન્સ કાઢીને સામે ધર્યું. સાથે પૂછ્યું, 'વાત શી છે?'

'જયગઢમાં કંપનીની તિજોરી તૂટી છે. કરોડ રૂપિયા જેવી રકમ ગઈ છે.'

'ઓહ... હું અર્ધાએક કલાક અગાઉ જ જયગઢમાંથી પસાર થયો ત્યારે તો બધું શાંત હતું.'

'અચ્છા, એ પછી અર્ધો કલાક તમે ક્યાં હતા એ જણાવવું પડશે.'

'ક્યાંય નહિ. આ રોડ પર જ હતો.'

એટલામાં પેલું ડ્રાઈવિંગ લાઈસન્સ બરાબર વાંચતાં જ પોલીસવાળાના ચહેરા પર અજવાળું પ્રગટ્યું.

'અરે, આ નામ તો જાણીતું છે? એ... તમે જ પ્રાઈવેટ ડિટેક્ટિવ અજય વર્મા તો નહિ? અહીં ક્યાંથી?'

'પાવાગઢના પર્વત પર નિરાંતે બે દિવસ ગાળવા છે.'

'ભલે, ભલે. તમે નિરાંતે જાવ. પણ મને નથી લાગતું કે તમને નિરાંતે રહેવા મળે.'

'કેમ?'

'તમારી નામના જ એટલી છે કે કાં પોલીસ અને કાં કોઈ પાર્ટી જયગઢના કામમાં તમને જોડી જ દેશે. કરોડ રૂપિયાનું કમઠાણ કંઈ નાનીસૂની વાત છે?'

અને જાણે જાણકાર જ્યોતિષી હોય એમ એ પોલીસવાળા ભાઈ સાચા પડી ગયા. એમણે અને એમના માણસોએ કેટલાક લોકોને જણાવી દીધું કે અજય વર્મા પાવાગઢ પર છે અને...

... અને એ જ બપોરે પાવાગઢને એના ઉતારે આધેડ વયની એક બહેન એને મળવા આવી. એણે આવતાંવેંત ધા નાખી, 'અજયબાબુ! મારા વરને બચાવો. અમે અને બે બાળકો માંડ માંડ નવી, નિરાંતની જિંદગી પામ્યા હતાં, ત્યાં જ આ આફત આવી છે.'

એ બહેનનું નામ સુમન ચૌહાણ. એણે કહ્યું કે ગઈ રાતે જ મેનેજર સાહેબે મારા વરને ત્રણ મહિનાનો પગાર આપીને નોકરીમાંથી કાઢી મૂક્યો. એ નવી નોકરી શોધવા વડોદરા બાજુ ગયો છે ત્યાં તો કંપનીની તિજોરીની લૂંટનો આરોપ એને માથે આવ્યો છે. કહે છે કે એ માણસને, એટલે મારા ઘરવાળા હરિસિંહ ચૌહાણને અને રાતના ચોકીદાર સોમા મનજીને દોસ્તી હતી. એ દોસ્તીને દાવે એણે ભાગ ભજવેલો. દારૂ સોમાને પીવડાવી દીધો હશે.

સુમને આગળ માહિતી આપી. 'પહેલાં મારા વરની નોકરી સુરતમાં હતી. ત્યાં એ ખરાબ સોબતે ચડી ગયેલો અને બે-ત્રણ નાની ઘરફોડ ચોરીઓ કરી બેઠેલો. એક વાર આઠ મહિનાની કેદ પણ પામેલો. એ પછી મેં એને સુરત છોડાવી દીધો. અમે અહીં આવ્યાં. મારા વરને મેં એક ડગલું પણ આડુંઅવળું મૂકવા નથી દીધું. પણ મેનેજર સાહેબ તો મચી જ પડ્યા છે કે હરિને મેં નોકરીમાંથી કાઢી મૂક્યો એટલે એણે ઝનૂને ચડીને ચોરી કરી છે.'

'જોયું ને, બેન! માણસના ઈતિહાસમાં એકવાર અપરાધનું કાળું પાનું લખાઈ જાય, પછી એ ગમે તેટલાં સોનેરી પાનાં લખવા મથે, એ કાળાં ને કાળાં જ બની જાય છે. પેલું એક જ પાનું એને સદાય નડે છે.' અજયે કહ્યું.

'અને પેલી પાંચસો રૂપિયાની બે નોટો એમને નડી ગઈ છે,' સુમને જણાવ્યું.

'એ વળી શું છે?'

'મેનેજર ફાલ્ગુન સાહેબે હરિસિંહને ગઈ સાંજે છૂટો કર્યો. એ પછી નવી નોકરી શોધવા એ સવારની બસમાં વડોદરા ગયો છે. જતાં જતાં ઘરખર્ચ માટે એ મને પાંચસોની બે નોટો આપતો ગયો હતો. પણ આજે દસેક વાગે પોલીસે અમારે ઘેર જડતી લીધી. પેલી બે ય નોટો હાથ કરી લીધી. એ નોટો જોતાં જ મેનેજર સાહેબ બોલ્યા કે આ નોટો જરૂર લૂંટના માલની છે. મારી પાસે તિજોરીની નોટોની યાદી રહે છે. એના નંબરો જો આ નોટોના નંબરો સાથે મળતા આવે તો સમજવું કે હરિસિંહે લૂંટમાંથી બે નોટો ઘરવાળીને આપી છે, અને બાકીની નોટો સાથે એ ઉપડી ગયો છે!'

આટલું બોલતાં એ દુખિયારી બહેન હીબકે ચડી ગઈ. અજયે પોતાના ઉતારાની હોટલના વેઈટરને બોલાવીને બહેન માટે ઠંડાપીણાની વ્યવસ્થા કરી. પછી કહ્યું, 'હવે તમે જુનાગઢ જાવ. બાળકો સૂતાં છે. ખાતરી રાખજો કે અત્યારે તમે મને જે કહ્યું એ સાચું હશે તો તમારા વરને આંચ નહિ આવે.'

**(વાચક મિત્રો? તમે જાણો છો કે અજય-રાધિકાની સહાનુભૂતિ ગરીબો અને અન્યાયપીડિતો પ્રત્યે છે. પરંતુ જ્યારે સંજોગો અને સાબિતીઓ એમની વિરુદ્ધ હોય ત્યારે શું થઈ શકે? ખેર, આગળની વાત આગામી સપ્તાહે જોઈશું. હમણાં તો ગત કથાનો ઉકેલ જોઈએ.)**

### રહસ્યકથા 'પરદેશી'નો ઉકેલ

***અજયે મંદ મંદ હસતાં વાત કરી, વિવેક લશ્કરીને પોતાના ભાગીદાર મનહરે માલતીથી અલગ કર્યો એનો ગુસ્સો હતો. પરંતુ વિવેક બુદ્ધિશાળી ઠગ છે. એ એક કાંકરે બે પંખી મારવાની તક શોધતો રહ્યો. આખરે મનહરે કશાક નાણાં રોકાણ કે ભાગીદારી માટે તારક દેસાઈને તૈયાર કર્યો, અને નાણાં રોકડાં થાય ત્યારે પોતે જઈ પહોંચે એવી બાજી ગોઠવી. એણે મનહરને અને તારકને ખતમ કર્યા પછી થોડા દિવસ શોધખોળ ન થાય એ માટે દૂધવાળાની ચિઠ્ઠી લખી. પણ ઉતાવળમાં એણે પોતાના ગજવામાં રહેતા ચિઠ્ઠી પેડનો ઉપયોગ કર્યો- આછી લીધી લીટીવાળા પેડનો! એના ઘરની તલાશીમાં આવા ચિઠ્ઠી પેડનો જથ્થો મળી આવ્યો ત્યારે જ મને ખાતરી થઈ ગઈ હતી કે ગુનેગાર વિવેક લશ્કરી છે.' 'સરસ!' દિનકરે પ્રસન્ન સ્વરે કહ્યું. 'મેં પેલું અનાથ કૂતરું બચી નીકળ્યું ન હોત તો વિવેકને ઓર લાંબો વખત મળી જાય. એ કૂતરાને મેડલ મળવો જોઈએ.'***